**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

B/107, Harmu Housing Colony, P. O. Doranda,
P. S. Argora, Ranchi - 834 012
Ph. : 0651-2244144

**અખબારી યાદી**

# ચીન, કોરિયા અને સિંગાપુર એન્ટી-ડમ્પિંગ અંગેની તપાસમાં મોખરાના દેશો

## રાજ્ય સભામાં વાણિજ્ય મંત્રાલયનો સાંસદ પરિમલ નથવાણીને જવાબ

**મે ૩, ૨૦૧૨ :** એન્ટી-ડમ્પિંગ ડાઈરેક્ટર જનરલ દ્વારા વર્ષ ૧૯૯૨ થી ૩૧ માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૪૨ દેશો/ભૂ-ભાગોના ૨૭૫ એન્ટી-ડમ્પિંગ મામલાની તપાસ કરવામાં આવી હતી. યુરોપના ૨૭ દેશોને એક જ ભૂ-ભાગ તરીકે ગણવામાં આવ્યા છે. તેમાંથી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧ સુધીમાં ૧૧૨ કેસોમાં કાર્યવાહી ચાલુ છે. એન્ટી-ડમ્પિંગ તપાસમાં મુખ્યત્વે ચીન, ચીની તાઈપેઇ, કોરિયા અને સિંગાપુર દેશો સામેલ છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય માધવરાવ સિંધિયાએ ગઇ કાલે રાજ્ય સભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણીના એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી.

શ્રી સિંધિયાએ જણાવ્યું કે જે પ્રમુખ ઉત્પાદનો ઉપર એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લાગૂ કરવામાં આવી તેમાં રસાયણો તથા પેટ્રોરસાયણો, દવાઓ, ફાઇબર/યાર્ન, સ્ટીલ અને અન્ય ધાતુઓ તેમજ ઉપભોક્તા સામાન સામેલ છે.

સદનમાં રજૂ કરવામાં આવેલી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન પંદર પંદર અને ૨૦૧૧-૧૨ દરમ્યાન આઠ એન્ટી ડમ્પિંગ કેસો કરવામાં આવ્યા. વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૧ કેસોમાં એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લગાવવામાં આવી અને ચાર કેસો પૂરા કરી દેવાયા. વર્ષ ૨૦૧૦-૧૧માં પણ ૧૩ કેસોમાં એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લગાવવામાં આવી અને બે કેસો સમાપ્ત કરી દેવાયા.

જે બીજા દેશો સાથે એન્ટી-ડમ્પિંગ મામલા ઊભા થયા તેમાં ઇઝરાઇલ, મલેશિયા, થાઇલેન્ડ, તાઇવાન, ઇન્ડોનેશિયા, જાપાન, યુ.એ.ઇ., રશિયા, તુર્કી, શ્રીલંકા, યુરોપિયન યુનિયન, નોર્વે પાકિસ્તાન, યુક્રેન, દક્ષિણ આફ્રિકા, કેન્યા, ઇરાન અને અમેરિકા સામેલ છે.

★ ★ ★